જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૧૧/૨૦૧૮ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૧૪/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૮ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૩૦૨ લીટર દેશી દારૂ, ૯૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩ બિયર ટીન, અને ૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૩૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૭૩,૯૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૧૫/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૨૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૨૩૧૬/૧૮

**બાપુનગરઃ** સતનામકૌર ઈશ્વરસિંગ બગ્ગા (રહે.ગુરુ રામદાસ સોસાયટી અંબર સિનેમાની બાજુમા બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૧/૧૮ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે તીજોરીનુ લોક રીપેર કરવાના બહાને બે અજાણ્યા સરદારજીઓ ઘરમાં આવી, તીજોરીના અંદરના ખાનાનું લોક ડુપ્લીકેટ ચાવીથી ખોલી, પતરાના ડબ્બામાંથી સોનાના દાગીના કુલ કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- મતાના સતનામકૌરની નજર ચુકવી ચોરી કરી લઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.પી.તરેટીયા ચલાવે છે.

## સોનાની ચેઈન ખેચી તોડી લઇ ગયાઃ- સમાચાર યાદી નં.૨૩૧૭/૧૮

**ખોખરાઃ** જ્યોત્સનાબહેન અરવિંદભાઇ દોશી (ઉ.વ.૫૦)(રહે,ભાલકેશ્વર સોસાયટી મદ્રાસી મંદીર પાસે ખોખરા) તા.૨૭/૧૧/૧૮ રાતના ૦૮/૦૦ વાગ્યાના સુમારે ભાલકેશ્વર મંદીર સામેથી ચાલતા પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયક્લ ઉપર આવેલ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) બે પુરૂષ જ્યોત્સનાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જ્યોત્સનાબહેન દોશીએ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી.કે.ચાવડા ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૧૮/૧૮</u>**

**નારોલઃ** પવનભાઇ ઓમપ્રકાશ આહિર (રહે.ઉમંગ ફલેટ આકૃતિ આંગનની બાજુમા નારોલ અસલાલી હાઇવે) એ તા.૨૧/૧૧/૧૮ સાજના ૪/૦૦ વાગે પોતાના ઘર નજીક પાર્ક કરેલ પોતાની મહિંદ્રા બોલેરો પિકઅપ ગાડી નંબર જીજે.૨૭.વી.૬૭૧૬ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૨/૧૧/૧૮ સાજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ પવનભાઈ આહિરે તા.૨૭/૧૧/૧૮ નારોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.રાઠોડ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.